# ઘટાડેલા દરે સ્કૂલ આહાર વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો

પ્રિય વાલીઓઃ

બાળકોને શીખવા માટે તંદુરસ્ત આહારની જરૂર છે.**[Name of School/School District]** પ્રસ્તુત કરે છે દરેક સ્કૂલ દિવસે તંદુરસ્ત આહાર. બ્રેકફાસ્ટની કિંમત **[$]**; લંચની કિંમત **[$]**છે. **તમારું બાળક નિઃશુલ્ક આહાર અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે લાયક ઠરી શકે છે.** ઘટાડેલા દરો **[$]**બ્રેકફાસ્ટ માટે અને **[$]** લંચ માટે છે. આ પેકમાં સામેલ છે નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહારના લાભો માટેની એક અરજી, અને વિસ્તૃત સૂચનાઓનો એક સેટ. નીચે અમુક સમાન પ્રશ્નો અને જવાબો છે જે અરજીની પ્રક્રિયા દરમિયાન આપને મદદરૂપ થશે.

1. કોણ નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મેળવીશકે છે?
   - એવા ઘરના તમામ બાળકો કે જેઓ **[State SNAP], [the Food Distribution Program on Indian Reservations (FDPIR)]**અથવા**[State TANF]**પાસેથી લાભ મેળવી રહ્યા હોય, તેઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
   - પાલક કાળજી એજન્સી અથવા અદાલતની કાનૂની જવાબદારી હેઠળ હોય તેવા પાલક શિશુઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
   - પોતાની સ્કૂલના હેડ સ્ટાર્ટ પ્રોગ્રામમાં સહભાગી થતા હોય તેવા બાળકો નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
   - જે બાળકો બેઘર, ઘરેથી ભાગેલા, અથવા હિજરતીની વ્યાખ્યાને પરિપૂર્ણ કરતા હોય તેઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
   - જો તમારા ઘરની આવક ફેડરલ ઈન્કમ એલિજીબિલિટી ગાઈડલાઈન્સની મર્યાદામાં હોય તો બાળકોને નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મળી શકે છે. તમારા ઘરની આવક આ ચાર્ટની મર્યાદામાં અથવા તેના કરતા નીચી હોય તો બાળકો નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર માટે લાયક ઠરી શકે છે.

| ફેડરલ એલિજીબિલિટી ઈન્કમ ચાર્ટ શાળાકીય વર્ષ ________ માટે | | | |
|---|---|---|---|
| પરિવારનું કદ | વાર્ષિક | માસિક | સાપ્તાહિક |
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |
| 7 | | | |
| 8 | | | |
| દરેક વધારાની વ્યક્તિઃ | | | |

2. મને કેવી રીતે ખબર પડશે કે માળું બાળક બેઘર, હિજરતી અથવા ઘરેથી ભાગેલા તરીકે લાયક ઠરે છે? શું તમારા પરિવારના સભ્યોનું કોઈ કાયમી સરનામું નથી? શું તમે આશ્રયસ્થાનમાં, હોટેલમાં, અથવા અન્ય કોઈ હંગામી આવાસ વ્યવસ્થામાં એકસાથે નિવાસ કરો છો? શું તમારો પરિવાર ઋતુના આધારે પુનઃવસન કરે છે? શું તમારી સાથે એવું કોઈ બાળક રહે છે જેણે તેના અગાઉના પરિવાર અથવા ઘર સાથે રહેવાની પસંદગી કરી છે? જો તમને લાગતું હોય કે તમારા ઘરનું બાળક આ

વિવરણોને પરિપૂર્ણ કરે છે અને તમને એવું કહેવાયું ન હોય કે તમારા બાળકને નિઃશુલ્ક આહાર મળશે, તો કૃપા કરીને કોલ કરો અથવા ઈ-મેઈલ કરો**[school, homeless liaison or migrant coordinator]**પર.

3. શું મારે દરેક બાળક માટે અલગ અરજી કરવાની રહેશે? ના. *તમારા ઘરમાંના તમામ વિદ્યાર્થીઓ માટે એક જ નિઃશુલ્ક અને ઘટાડેલા દરે સ્કૂલ આહાર અરજી કરવાની રહેશે.*અધૂરી હોય તેવી અરજી અમે સ્વીકારી શકતા નથી, માટે તમામ જરૂરી માહિતી ભરી દેવાનું સુનિશ્ચિત કરશો. સંપૂર્ણ વિગતો ભરેલી અરજી**[name, address, phone number]**ને પરત કરશો.

4. મારા બાળકોનો નિઃશુક્લ આહાર અગાઉથી મંજૂર થઈ ચૂક્યો છે તેવો પત્ર ચાલુ સ્કૂલ વર્ષ દરમિયાન મળે પ્રાપ્ત થાય તો પણ શું મારે આ માટે અરજી કરવાની? ના, પરંતુ કૃપા કરીને તમને મળેલા પત્રને કાળજીપૂર્વક વાંચીને તેની સૂચનાઓનો અમલ કરશો. જો તમારા ઘરમાંથી કોઈ પણ બાળક તમારા લાયકાતના જાહેરનામાંમાં સામેલ ન હોય, તો **[name, address, phone number, e-mail]**નો તાત્કાલિક સંપર્ક કરશો.

5. શું હું ઓનલાઈન અરજી કરી શકું? હા! તમે સક્ષમ હોવ તો કાગળ દ્વારા અરજી કરવાને બદલે ઓનલાઈન અરજી કરવા આપને પ્રોત્સાહિત કરાય છે. ઓનલાઈન અરજીમાં પણ આ જ જરૂરિયાતો છે અને તમારી પાસે કાગળ પરની અરજી જેવી જ માહિતી માગવામાં આવશે. ઓનલાઈન અરજી ભરવાનું શરૂ કરવા અથવા તેની પ્રક્રિયા વિશે વધુ જાણવા **[website]**ની મુલાકાત લેશો. ઓનલાઈન અરજી વિશે તમને કોઈ પ્રશ્ન હોય તો **[name, address, phone number, e-mail]**નો સંપર્ક કરશો.

6. મારા બાળકની અરજી ગત વર્ષે મંજૂર કરાઈ હતી. શું મારે હવે નવી અરજી કરવાની જરૂર રહ છે? હા. તમારા બાળકની અરજી ફક્ત તે સ્કૂલ વર્ષ અને ચાલુ સ્કૂલ વર્ષના પ્રથમ થોડાક દિવસો **[date]**સુધી જ માન્ય હતી. તમારું બાળક નવા સ્કૂલ વર્ષ માટે માન્ય છે તેવી તમને સ્કૂલ જાણ કરે તે સિવાયના સંજોગોમાં તમારે ફરજિયાત નવી અરજી કરવાની રહેશે. જો તમે સ્કૂલ દ્વારા મંજૂર કરાયેલ હોય તેવી નવી અરજી નહીં મોકલો અથવા નિઃશુલ્ક આહાર માટે તમારું બાળક લાયક ઠરે છે તેવી તમને જાણ ન કરાય, તો તમારા બાળક માટે આહાર માટે સંપૂર્ણ કિંમત લાગુ થશે.

7. મને ડબ્લ્યુઆઈસી મળ્યું છે. શું મારું બાળક નિઃશુલ્ક આહાર મેળવી શકે છે? ડબ્લ્યુઆઈસીમાં સહભાગી પરિવારોના બાળકો નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર માટે લાયક ઠરી <u>શકે છે.</u> કૃપા કરીને અરજી મોકલી આપશો.

8. શું મેં મોકલેલી અરજીની ચકાસણી થશે? હા. અમે તમને તમે જણાવેલી પારિવારિક આવકનો લેખિતમાં પૂરાવો મોકલી આપવા જણાવી શકીએ છીએ.

9. જો હું અત્યારે લાયક ઠરતો ન હોઉં, તો શું હું પછીથી અરજી મોકલી શકું છું? હા તમે સ્કૂલ વર્ષ દરમિયાન કોઈ પણ સમયે અરજી મોકલી શકો છો. ઉદાહરણ સ્વરૂપે, કોઈ બાળકના માતા-પિતા અથવા વાલી બેરોજગાર બને અથવા પારિવારિક આવક નિશ્ચિત મર્યાદા કરતા નીચી જાય તો તેઓ નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મેળવવા લાયક ઠરી શકે છે.

10. મારી અરજી વિશે સ્કૂલના નિર્ણય સાથે હું સંમત ન થાઉં તો શું?તમારે પહેલા સ્કૂલના અધિકારીઓ સાથે વાત કરવી. તમે **[name, address, phone number, e-mail]**ને પત્ર લખી અથવા ફોન કરીને સુનાવણી માટે જણાવી શકો છો.

11. શું મારા પરિવારમાંથી કોઈ અમેરિકન નાગરિક ન હોય તો પણ હું અરજી કરી શકું?હા. તમે, તમારા બાળક, અથવા અન્ય પરિવારજને નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે અરજી કરવા અમેરિકન નાગરિક હોવું જરૂરી નથી.

12. મારી આવક હંમેશા સમાન ન રહે તો શું?તમે <u>સામાન્યપણે</u> જે આવક મેળવતા હોવ તે જમઆવો. ઉદાહરણ સ્વરૂપે તમે દર મહિને સામાન્યરીતે 1000 ડોલરની આવક રળતા હોવ, પરંતુ ગત મહિને તમે થોડુંક કામ ગુમાવ્યું અને ફક્ત 900 ડોલર મેળવ્યા તો લખજો કે તમે પ્રતિ મહિને 1000 ડોલર મેળવો છો. તમે સામાન્યતઃ ઓવરટાઈમ મેળવતા હોવ તો તેને સામેલ કરશો, પરંતુ જો

તમે કવચિત જ ઓવરટાઈમ કરતા હોવ તો તેનો સમાવેશ કરશો નહીં. જો તમે નોકરી ગુમાવી હોય અથવા તો તમારા કામના કલાકો કે મહેનતાણું ઘટાડાયું હોય, તો તમારી વર્તમાન આવક લખશો.

13. પરિવારના અમુક સભ્યો પાસે લખવા માટે કોઈ આવક જ ન હોય તો શું? પરિવારના સભ્યો અરજી પર લખવા અમે તમને જણાવીએ છીએ તે પ્રકારની આવક પ્રાપ્ત કરતા ન પણ હોય અથવા તો તેમની કોઈ આવક જ ન હોય તેવું પણ બને. જ્યારે પણ આમ થાય, તો કૃપા કરીને તે ખાનામાં 0 લખશો. જો કે, કોઈ પણ આવકનું ખાનું ખાલી છોડાશે તો તે આવકને પણ શૂન્ય જ ગણવામાં આવશે. કોઈ પણ ખાનું ખાલી છોડતા પહેલાં સાવધાની રાખશો, કારણ કે અમે ધારી લઈશું કે તમે જાણી જોઈને આમ કર્યું છે.

14. અમે સૈન્યમાં છીએ. શું અમારે અમારી આવક અલગ રીતે રિપોર્ટ કરવાની?તમારો બેઝિક પગાર અને રોકડ બોનસને આવક તરીકે દર્શાવવી. જો તમને ઓફ-બેઝ આવાસ, રાશન અથવા કપડાં માટે રોકડમાં કોઈ ભથ્થું મળતું હોય તો તેનો પણ આવકમાં સમાવેશ કરવો. જો કે, જો તમારો આવાસ મિલિટરી હાઉસિંગ પ્રાઈવેટાઈઝેશન ઈનિશિયેટિવનો ભાગ હોય, તો તમારા નિવાસ ભથ્થાંને આવક તરીકે દર્શાવશો નહીં. જો કે, તમને તૈનાત કરાય તેના પરિણામે કોઈ વધારાનું લડાઈ ભથ્થું ચૂકવાય તો તેને પણ આવકમાંથી બાકાત રાખવું.

15. મારા પરિવાર માટે અરજી પર પૂરતી ખાલી જગ્યા ન હોય તો શું? અલગ કાગળના ટુકડા પર વધારાના પરિવારજનની વિગતો લખીને તેને અરજી સાથે જોડી દેવી. બીજી અરજી મેળવવા**[name, address, phone number, e-mail]**નો સંપર્ક કરવો.

16. મારા પરિવારને વધુ મદદની જરૂર છે. શું એવા અન્ય કાર્યક્રમ છે જેના માટે અમે અરજી કરી શકીએ છીએ?**[State SNAP]**અથવા અન્ય સહાય લાભો માટે કેવી રીતે અરજી કરવી તેના વિશે જાણવા, તમારી સ્થાનિક સહાયતા કચેરીનો સંપર્ક કરવો અથવા **[State hotline number]**ને પત્ર લખવો.

જો તમને કોઈ પણ સવાલ હોય અથવા મદદની જરૂર હોય, તો **[phone number]**પર કોલ કરવો.

આપનો વિશ્વાસુ,

**[signature]**